ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી ૧

# અંધારાં ભેદીને

– નાગજીભાઈ દેસાઈ



લોકભારતી પ્રકાશન

સણોસરા

## ઝાડનાં પારખાં ફળ પરથી : શ્રેણી : ૧

**********

# અંધારા ભેદીને

## નાગજીભાઈ દેસાઈ

**********


### લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

****************

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬


સંકલન : જુગલકિશોર
૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.
ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com

## અનુક્રમ

ઉપહાર ........ 4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! ........ 5

પ્રથમ સાત ધોરણ સુધી વતનના ગામમાં ........ 7

ભૂવા ધૂણ્યા ! ........ 8

ભણવાની તીવ્ર ઇચ્છાએ મુંબઈ–પાટણ રખડપટ્ટી ! ........ 10

દસ ધોરણ બાદ ભૂખ અને મજૂરી ........ 11

ફરી ભાવનગર ! ........ 14

લગ્ન અને શિક્ષણ દ્વારા આમૂલ પરિવર્તન ! ........ 16

લોકભારતીએ જીવનદીક્ષા આપી ! ........ 17


શિક્ષણ અને સમાજસેવાના માર્ગે.. ........ 18

શિક્ષણક્ષેત્રે નવાં ચઢાણ !! ........ 23

શ્રી નાગજીભાઈ દેસાઈ : સંક્ષિપ્ત પરિચય ........ 26

શ્રી નાગજીભાઈનાં સેવાકાર્યો ........ 27

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા** ની કિંમતી મદદ

લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી  સવિતાબહેનના સૌજન્યે) **તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**



## પ્રથમ સાત ધોરણ સુધી વતનના ગામમાં

અમારા કુટુંબમાં મારા બાપુજીના મામા અભણ. ઘેટાં-બકરાં ચારતાં ચારતાં વગડેથી ભાગીને ધાબળો વીંટી, બાકીનાં લૂગડાં નાખી દઈ, બાવા થઈ ગયેલા. વર્ષો પછી તેઓ ઉઘાડા શરીરે એક વસ્ત્ર ઉપર અમારા નેસમાં આવેલા. મારા બાપુજીના આગમન સમયે નેસમાં સૌ તેમને પગે પડી ધન્યતા અનુભવતું. તેઓ ભણેલા નહિ, રખડેલા ખૂબ. રાત આખી લાકડાં નાખી, ધૂણી ધખાવી બેસે અને ફરતાં બધા રબારી-યુવાનો-પ્રૌઢો બેસે. છોકરાઓને ભણાવી, મોટા મોટા સાહેબો બનાવો, તેવી વાતો તેઓ કરતા. એ વાતાવરણને આધારે જ કદાચ મારા બાપુજીએ મને ભણાવવા નિશાળમાં નામ લખાવ્યું અને મને ભણવા બેસાડ્યો. વર્ષને અંતે ડેપ્યુટી સાહેબ પરીક્ષા લેવા આવે. સૂચના પણ મળે કે સૌએ નવાં કપડાં પહેરીને જવાનું. મને યાદ છે કે હું પહેલા ધોરણમાં ખૂબ જ તૈયાર થઈ પરીક્ષા આપવા ગયેલો. હજામ પાસે ટકો કરાવી, ચોટલીને ઘીથી પલાળી, માટલામાં રાખેલી નવી આંગળી (અંગરખું) અને નવી પોતડી પહેરી પરીક્ષા આપવા જતો. મારાં બા મને ગાયો-બકરાંના વાડા સુધી શુકન જોઈ મૂકવા આવેલાં. સાંજે અમારા જે સાહેબ હતા તે ઘેર આવી, મારા પાસ થયાની ખુશાલીમાં એક મહિનો દૂધનો વારો મફત અને ધાબળો બક્ષિસમાં લઈ ગયેલા. એ ધાબળો હું પાંચમાં ધોરણમાં આવ્યો ત્યાં સુધી શિયાળામાં સાહેબ ઓઢીને આવતા તે મને યાદ છે. આમ દર વર્ષે પાસ થવાનું, અને બક્ષિસમાં દૂધ કે ધાબળો દેવાનો. છેવટે ઘેટાંની ઊન તો ખરી જ.

સાત ચોપડી ભણી રહ્યો ત્યાં સુધી તો સરખું ચાલ્યું, પરંતુ અવારનવાર અમારા ઘરમાં મને ભણાવવાથી કોઈ ફાયદો નથી તેની વાતો કરી, મને સૌ રડાવે. એક દિવસ અમારા ઘરમાં રમેલ હતી. (રમેલ એટલે રબારી કોમ માતાનો માંડવો નાખે અને રાત આખી ભૂવા ધૂણે અને મૂંઝવતા પ્રશ્નોના સૌને જવાબ આપે તે.) ઘરમાં નવા ભૂવાને દીક્ષા માટે ચાંદલો કરી, ભૂવો તૈયાર કરવો પડે, તે માટે બેસવાનું હતું અને જો મને માતા ભૂવા થવાની રજા આપે તો મારે ભણવાનું મૂકી માલમાં જવું પડે.

## ભૂવા ધૂણ્યા !

દિવસ નક્કી થયો. રાતે ભૂવા ને નવા ભૂવાઓ ધૂણવા માંડ્યા. કલાક સુધી ધૂણ્યા હશે. મોટાભાઈ પછી તો મારો વારો આવ્યો. મને ચાંદલો કરી માતાજી આગળ માથે ફાળિયું ઓઢાડી બેસાડ્યો. ડાકલિયા ડાકલા વગાડવા માંડ્યા. માતાજી આવે તે માટે રેંળી પહાડી રાગે શરૂ કરી. ડાકલિયા થાક્યા. રેંળી કરનારા રાગડા તાણી થાક્યા, પણ મારા શરીરમાં દેવ ન આવ્યા. વાતાવરણ કંઈક શુકનિયાળ નથી એમ માની સૌ ચિંતામાં પડ્યા કે દીકરાને દેવ ન આવે તે તો કેમ ચાલે ? મારાં કાકી અને બીજાં બધાં હું બેઠો હતો ત્યાં ખોળો પાથરી, માતાજીને કરગરવા લાગ્યાં ને અશ્રુભરી આંખે બોલવા લાગ્યાં, ‘હે માડી, હે ગોગાબાપા, બધી ભૂલો માફ કરો. અમારો દોષ, દીકરાનો દોષ ભૂલીને પંડમાં આવો. આપ પંડમાં પધારશો, તો સવા મણ સુખડું કરીશું.’ ફરી પાછા ડાકલા-ભૂવાના પડકારા થયા. પરંતુ આ રામ તો ત્યાંના ત્યાં. સૌ થાક્યાં-ચલમો ફૂંકાવા લાગી. ચાથી ભરેલાં તાંસળાં ફરવા લાગ્યાં. મારી બા મારી પાસે આવ્યાં અને પૂછવા લાગ્યાં, ‘..ભઈ..તને કાંય થાય સ ? તારા પંડમાં ક્યાંય માતા બાતા આવે એવું લાગસ ?’ મેં ફક્ત હા-નામાં માથું જ હલાવ્યું. મારાં બા ફરીથી ચિંતિત થઈ પૂછવા લાગ્યાં; ‘ભઈ...ચ્યમ તું કાંય બોલતો નથી..તન ક્યાંય દુ:ખ સે...?’ મેં ના કહી દીધું, ‘બા...મને ખૂબ તરસ લાગી છે. મારે પાણી પીવું છે.’ મેં લોટો ભરી પાણી પીધું ત્યારે મને લાગ્યું કે હજું હું જીવતો છું. તેટલો દેકારો માતા લાવવા માટે મારા માથા ઉપર વીતેલો. ભૂવાનો હુકમ થયો કે છોકરાને થાનકમાંથી ઉઠાડી લો, પોતે બેસશે અને જવાબ આપશે કે કેમ પંડમાં દેવ આવતા નથી. મને ઉઠાડી મૂક્યો. મારા બા-બાપુજી, મારાં કાકી, બધાંનાં મોઢાં ઉપર હું કંઈક મૂંઝવણ, ચિંતા, ભય જોઈ શકતો હતો; પરંતુ મને તો કાંઈ જ સૂઝતું ન હતું. મોટા ભૂવાને બેસાડ્યો, બકરાનું બચ્ચું (લવારું) વચ્ચે લાવ્યા. ડાકલાં વાગ્યાં. રેંળીઓ ગાવાની શરૂ થઈ. આગળ પછેડી પાથરી, તેમાં જુવારના દાણા પાથર્યા. અને ભૂવાએ મોટા અવાજે કહ્યું, ‘મેરાજ, (મારા બાપુજીનું નામ) લે..એ આ વધાવો...આ વેણ..આ દોઢ..’ એમ કરી અલગ અલગને દાણા આપવા લાગ્યા અને સૌ કહેવા લાગ્યાં, ‘વાહ મા...વાહ મા...તું તો સાચની છે.’ બધા જ દાણા ભૂવાના કહ્યા પ્રમાણે નીકળ્યા. છેવટે ભૂવાએ કહ્યું : ‘મેરાજ...હું આજ ચોસઠ જોગણી...રમવા નીકળી છું. વિહોતર છું, તારા છૈયાને હું પંડમાં નથી આવી, તેનું તારે વેણ જોઈએ છે ને ? એ..લે.’ એમ કહી બકરાના લવારાને પકડી કંઈક બોલી, વચ્ચે રમતું મૂક્યું. બકરું તો કૂદીને બહાર જતું રહ્યું. ફરી તેને પકડીને લાવ્યા. ફરીથી વધુ ગભરાઈને જતું રહ્યું. ત્રીજી વાર પકડીને ઊભા રહ્યા. બિચારું

બકરીનું બચ્ચું તો લીંડીઓ કરી ગયું. ભૂવાએ તો લવારાને છોડી મૂકવાનું કહ્યું ને ઉમેર્યું, 'હે..હું મે, સધી..આજ તારા ઘેર આવી છું.' સૌ કરગરતા ભૂવાને  પાઘડી-સાડલા પાથરવા લાગ્યાં. બધાં પગે લાગ્યાં એટલે મને પણ મારાં બાએ પકડીને ભૂવાની આગળ નમાવ્યો અને કહ્યું ; 'માતાજી, આ તો છોકરું કહેવાય...છોરું કછોરું થાય, પણ માવતર ન થાય, માડી...અમે તારી વાડે વેલા જેવાં છીએ. તેના પંડમાં આવો ને ભૂવાને થાપો આપો.' ભૂવો બળ કરી વધુ ધૂણવા લાગ્યો...ડાકલાં ફરીથી જોરથી વાગવા લાગ્યાં. ભૂવાએ આદેશ આપ્યો કે, 'મેરાજ...તારો સીયો નેંહાળે જાય સ...ઈ એટલે તે અભડાયો કે'વાય...એટલે એના પંડમાં હું ના આવું...તારે ભૂવો કરવો જ હોય તો ભણાવવાનું બંધ કર અને આવતા નોરતામાં પાસી હું રમવા આવીશ, ને એ વેળાએ તારું વેણ રાખીશ.'આ ભૂવાનો સરમુખત્યારશાહી આદેશ સૌએ વધાવી લીધો...ને માતાજીને રજા આપી અને મને ફરમાન થયું કે 'આપણે હવે ભણવાનું બંધ ને માલમાં જાઓ...' આમેય અમારા સમાજમાં ભણાવવાની ટીકા ખૂબ જ હતી. મારા બાપુજી મને સમાજની ટીકાથી ઉગારી લેવાના હતા, એમાં બળ મળ્યું. બીજે દિવસે સવારે મેં કરગરીને મારાં બા-બાપુજીને પરીક્ષા સુધી ભણાવવાની વિનંતી કરી, પછી છોડી દઈશ, કહી વર્ષ પૂરું કરી...અભ્યાસ છોડી દીધો. મને માલ ચારવા (ઘેટાં-બકરાં)માં ગોઠવી દીધો. તેમાંથી પણ ઝઘડાના પ્રશ્ને મારા બાપુજીએ, અમારા નજીકના શહેરની હોટલમાં દૂધ આપવા જવાની મને જવાબદારી સોંપી. માથે દૂધનું બોઘરણું લઈ ઊપડું. કોઈ પણ ભણેલાગણેલા માણસને જોઉં, સારાં કપડાં પહેરેલા માણસને જોઉં ને મને મનમાં થાય કે હું ક્યારે ભણીશ, ને ક્યારે આવો બનીશ ? અનેક પ્રશ્નોનો એક જ જવાબ મળતો : ભણે તે સારો બને. અમારા ગામના એક શેઠ મુંબઈ રહે. તેઓ આવે ત્યારે તેમને અમો કૂવાના કોસ ચાલે ત્યાં નાહવા લઈ જઈએ. તેઓએ જતી વખતે મને એક સરનામું આપેલું અને કહેલું કે, 'છોકરા...તારે કંઈ ભણવું હોય તો મને પત્ર લખજે.' એ સરનામાવાળો કાગળ ઘરની ઓસરીમાં વળીની ખપાટ વચ્ચેથી મળ્યો. અને ગમે તેમ કરીને તેમને ત્યાં જવાનું મારું મન બળ કરતું ગયું. કેમ જવું ? શું કરવું ? મૂંઝાયા કરું. દૂધ આપવા જતાં શહેરમાં મુંબઈ અંગે વેપારી જેવા માણસને પૂછું. અમદાવાદ થઈને મુંબઈ જવાય, તેમ ખ્યાલ આવ્યો.

## ભણવાની તીવ્ર ઇચ્છાએ મુંબઈ–પાટણ રખડપટ્ટી !

ઘરમાં મારાથી મોટાભાઈનાં લગ્ન લેવાનાં હતાં. સંબંધીઓ લગ્ન વધાવવા આવેલાં. લગ્ન વધાવવા આવેલા માણસો ચાર-પાંચ દિવસ સહેજે રહે. ઘરમાં તો ધમાલ...ધમાલ ને ધમાલ... તેનો લાભ લઈ પહેર્યે કપડે વહેલી પરોઢના મારા ગામથી ચાલી સવારની ટ્રેનમાં બેઠો...અમદાવાદ એ વખતે કાળુપુર સ્ટેશનને નામે ઓળખાતું. તે સ્ટશને પહોંચ્યો, પણ કાંઈ સૂઝે નહિ. નીચે ઊતરી, એક જગ્યાએ ઊભેલી ગાડી મુંબઈ જાય છે...જાણી ડબામાં ચડી પાટિયા નીચે સૂઈ ગયો. સવારના દેકારો થતાં, પૂછયું તો કહે, મુંબઈ આવ્યું, ને હું ઊતરી ગયો. દાદર સ્ટેશન નામ વાંચી મૂંઝવણ થઈ. આ મુંબઈ નથી, દાદર છે. એન્જિન વગરની ગાડીઓ દોડતી જોઈ હું હેબતાઈ ગયેલો. ગાડીઓ આવતી જતી જોવામાં જ મેં બપોર પાડી. એક છોકરો નિશાળેથી છૂટી ઊભો હતો. મેં એને કાગળ આપી, મારે અહીં જવું છે, તો કેવી રીતે જવું તેની પૃચ્છા કરી. તેણે મારી સાથે ખૂબ જ લાગણીથી વાત કરી. તેની બોલવાની છટા પીઢ માણસ જેવી હતી. એણે કહ્યું કે મારે ઘાટકોપર જ જવું છે. હું જેમાં બેસું તેમાં બેસજે. તેની સાથે ઘાટકોપર સ્ટેશને ઊતરી, ઊંધું ઘાલી ગિરદીમાં તેની સાથે જ બહાર નીકળી ગયો. શેઠનું સરનામું પૂછતાં પૂછતાં પહોંચ્યો. શેઠ ઘેર ન હતા. રાતના આવ્યા ત્યારે વાત કરી. ત્યાં સુધી બહાર બેસી રહ્યો. પંદર દિવસ બાદ મને શાળામાં દાખલ કરવાની વાત કરી. પરંતુ મારી પાસે સર્ટિફિકેટ વગેરે ન હતાં. હું ઘરમાં પાણી ભરવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, રસોઈમાં મદદ કરવી, એમ બધું જ કામ ખૂબ ચીવટ અને સારી રીતે કરતો. સૌ મારી પર ખુશ હતાં. પણ સર્ટિફિકેટની વાત આવી, ત્યાં  હવે શું કરવું ? એ પ્રશ્ને મૂંઝવ્યો. શેઠે બીજે દિવસે મને શાળામાં લઈ જઈ હેડમાસ્તરને વાત કરી, સર્ટિફિકેટ મંગાવી લઈશું, કહી મને દાખલ કર્યો. શાળા તરફથી અમારા ગામની નિશાળમાં કાગળ ગયો કે આ બાળકનું સર્ટિફિકેટ મોકલો. ત્યારે મારા બા-બાપુજીને ખબર પડી કે હું મુંબઈ છું. મારા સર્ટિફિકેટ સાથે અમારા હેડમાસ્તર સાહેબ શિવશંકર દવેનો કાગળ પણ હતો કે છોકરો ઘેરથી ભાગીને આવ્યો છે. તેનું સરનામું મોકલો તો તેનાં મા-બાપને શાંતિ થાય. મને સ્કૂલમાં સાહેબે બોલાવી વાત પૂછી. મેં બધી વાત કરી. તેઓએ કહ્યું કે આવું ન કરાય. મેં કહ્યું કાગળ લખીશ, પણ મેં ન લખ્યો. પછી તો મુંબઈ પાટણ વગેરે સ્થળોએ ભટકી, દશ ધોરણ સુધી પહોંચ્યો.

## દસ ધોરણ બાદ ભૂખ અને મજૂરી

છેવટે પાટણથી અંધારી દિશા પકડી અને હું રખડતો, ભટકતો ભાવનગર ગયો. ત્યાં મારું કોઈ પરિચિત ન હતું. પહેલા દિવસે સ્ટેશને ઊતરી, બહાર આંટો મારી, રાતના સ્ટેશનમાં જ સૂઈ ગયો. પાસે પાગરણમાં ફક્ત એક ચાદર હતી. સવારે ઊઠી, નળે મોઢું ધોઈ, બાંકડા ઉપર બેઠો. ભૂખ સખત લાગેલી. મને ઘર યાદ આવ્યું. સવારમાં જે રોટલો અને માખણ મારાં બા આપતાં તે યાદ આવ્યું. અને સહજભાવે રડી લેવાયું. મારી સામે એક કાબર મોઢામાં ગાંઠિયાનો ટુકડો લઈને સામા બાંકડાની ધાર પર આવી બેઠી,...હું તેનું સુખ જોઈ ન શક્યો. મેં એને ઉડાડી મૂકી...વિચારમાં બેસી જ રહ્યો. ત્યાં થોડો સમય થયો. ટ્રેન આવી. હું દરવાજા બહાર ઊભો રહ્યો. ત્યારે ભાવનગરમાં આટલી બધી બસની સગવડ નહિ. મારા જેવડા છોકરા પેસેંજરોનો સામાન ઊંચકવા દોડે...અને મને પણ મન થયું. એક સારા માણસે મને કોથળો ઊંચકવા આપ્યો ને કહ્યું કે, 'તખ્તેશ્વર જવાનું છે, શું લઈશ ?' મેં કહ્યું કે 'જે આપશો તે...' તે ભાઈ આગળ ને હું અને કોથળો પાછળ. કોથળો પણ ખાસ્સો વજનમાં હતો. તખ્તેશ્વર પહોંચતાં તો મારો દમ નીકળી ગયો. મને એ ભાઈએ એક આનો આપ્યો. ને એ એક આનો જોઈ મને પસીનો છૂટી ગયો.. મેં કહ્યું, 'શેઠ, બે આના તો આપો...મારે ખાવું છે.' એણે મને બેચાર ચોપડાવી...બીજો એક આનો તો આપ્યો...બે આના લઈ એક પાટિયે નિરાંતે બેઠો. શ્વાસ લઈ, બહાર જઈ એક આનાના ચણા લઈ બગીચાની શોધમાં નીકળ્યો. મને એક છોકરાએ બગીચો બતાવ્યો. ત્યાં જઈ ચણા ખાઈ, પાણી પીધું અને ઝાડ નીચે જ ક્યારે સૂઈ ગયો, ખ્યાલ ન આવ્યો. બગીચો...મારું નિવાસસ્થાન બન્યું. તે બગીચો એટલે ભાવનગરનો 'પીલ ગાર્ડન'. તેમાં એક પગી દરબાર હતા. પીળો સાફો બાંધે, કડક ખરા. તેણે ના પાડી...પછી થોડો સમય 'ગઘેડિયા ફીલ્ડ'ના મેદાનમાં સૂઈ ગયો. કો'કવાર 'સર્વોદય ડેરી સ્ટોર્સ' એવું કંઈક નામ દુકાનનું હતું તેના પાટિયે સૂઈ રહેતો. કોઈક વાર પોલીસ ડંડા મારી ઉઠાડે તો એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું પડતું. આ દિવસોમાં ઘણું ખરું જોવા મળ્યું....દારૂની બાટલી યોગ્ય સ્થળે પહોંચાડવાથી ચાર આના મળે...રાતના જે રખડુઓ વચ્ચે રહેતો તેમના વ્યવહારો પણ જોવા મળ્યા. ક્યાંક ક્યાંક ગાંડી અને અસહાય સ્ત્રીઓ ચૂંથાતી પણ જોવા મળી. અને આ બધાંને પરિણામે મને ખુદને જીવન એક કણાની જેમ ખૂંચવા લાગ્યું. ઘેર જવાનું મન થાય પણ ઘેર જઈશ તો મને કોઈ ભણાવશે નહિ. ભણીશ નહિ - આ પરિતાપ વચ્ચે હું તાવમાં સબડવા લાગ્યો. એક દિવસ રાતના વિચાર આવ્યો કે, આવી જિંદગી શું

કામની ? આના કરતાં મરી જઈ નવા અવતાર વખતે ભગવાનને કહેવું કે, ભણી શકું તેવી જગ્યાએ જન્મ આપે ! શિયાળાની કડકડતી ઠંડી રાત, તાવથી શેકાતું શરીર, ઘરની યાદ, ભૂખને કારણે આવતાં ચક્કર – આ બધાંએ ભેગાં થઈ મને મોત તરફ ધકેલ્યો. હું રાત્રે ચાલી નીકળ્યો. ભાવનગરના પ્રખ્યાત બોરતળાવને કાંઠે આવીને બેઠો. જીવનમાં કોઈ જ આશા મને ન દેખાણી. આંખે અંધારાં આવ્યાં. ક્યારે પાણીમાં મેં ઝંપલાવ્યું તે પણ યાદ ન રહ્યું. પરંતુ સહજપણે જ તરતો તરતો કાંઠે આવ્યો. કાંઠે આવી ઠરવા લાગ્યો. ઝાડની ઓથે બેસી નક્કી કર્યું : જીવનમાં બધું જ સહન કરીશ, પરંતુ આવો જીવન ટૂંકાવવાનો ખરાબ વિચાર બીજી વાર ન લાવવો. એ વિચાર સાથે જિજીવિષા સાથેનો પુરુષાર્થ મેં શરૂ કર્યો.

<u>**પહેર્યે કપડે !!**</u>પહેર્યે કપડે જ્યાં જવાય ત્યાં ખરું, નક્કી કરી હિન્દુસ્તાનના ચાર છેડા જોવા નીકળી પડ્યો. ટ્રેનમાં ખુદાબક્ષ મુસાફર તરીકે પણ અનુભવો સારા મળ્યા. દિલ્હીથી જયપુર આવતાં વચ્ચે એક જગ્યાએ સિગ્નલ નહિ આપેલ હોવાને કારણે ટ્રેન ઊભી રહી ત્યાં રાત્રે ટીટીએ ઉતારી મૂક્યો. ટ્રેન ઊપડી જતાં હું પાટે પાટે ટ્રેન ગઈ તે દિશાએ ચાલવા લાગ્યો. મને સિગ્નલવાળાની કૅબિનમાંથી કોઈ જોઈ ગયું. હિંદીમાં પૂછયું, ‘કોન હૈ ?’ હું, પાટા વચ્ચે ભયનો માર્યો દોડ્યો. પાછળ બીજો માણસ કૅબિન ઉપરથી ઊતરી ‘ચોર હૈ...પકડો...પકડો...’ હું ઉઘાડા પગે આગળ અને એ પાછળ. પગમાં સખત પથરા વાગે. તેણે મને પકડી ઢીબી નાખ્યો, ને પકડી સ્ટેશનમાં લઈ જઈ મને સોંપી દીધો. આખી રાત એક બારણા પાસે મને બેસાડી રાખ્યો. પગમાં વાગેલા પથરાની સખત પીડા હતી. સવારે મેં મારી વાત સ્ટેશનમાસ્તરને કરગરીને કરી. તેને ગમે તેમ પણ રામ વસ્યા ને મને એક માલગાડી ઊભી હતી તેના એન્જિન-ડ્રાઇવરને કંઈક વાત કરી, મને એન્જિનમાં બેસાડ્યો. જયપુર આવતાં એન્જિનવાળાએ મને ઊતરી જવાનું કહ્યું. જયપુર અઠવાડિયું રોકાઈ મજૂરી કરી દિવસો પસાર કરી આગળ વધ્યો. આ ભારત-દર્શન દરમ્યાન ઋષિકેશમાં ‘કાલી કમલીવાળા’ની જગ્યામાં રહ્યો. દાળ-બાટી મળે તે ખાઈ, બપોરે લક્ષ્મણ ઝૂલા ઉપર થઈ, સામે એક ગીતામંદિર નામની નાની જગ્યા હતી ત્યાં બેસી રહેતો. ત્યાંથી ગંગા નદી જોવાની મઝા આવે. ત્યાં જે બન્યું તે મને આજે પણ સમજાતું નથી, પરંતુ તે એક અનુભવ, હકીકત છે. એક બપોરે હું પથ્થર ઉપર બેસી પાણી જોઈ રહ્યો હતો. મને આ દૃષ્ય ખૂબ ગમતું. હું બધું જ દુ:ખ ભૂલી જતો. ત્યાં સાધુઓ જોઈને મને બધું છોડી, આ શું ખોટું છે તેના વિચારો સતત આવ્યા કરે...બીજી બાજુ વચ્ચે વચ્ચે મને મારી બા યાદ આવે, એટલે ઘેર ભાગી જાઉં તેવું મન થાય. કંઈ નક્કી ન કરી શકું. ત્યાં એક પ્રૌઢ સાધુ પણ બપોરે બેસતા. તેઓ કંઈક હિંદી

અને અન્ય મિશ્રિત એમ હું પૂરી ન સમજું તે ભાષામાં વાતો કરતા. મને વચ્ચે વચ્ચે કંઈ જ ન સમજાય, પરંતુ તે બોલે તે મને ગમતું. એટલે માથું હલાવી, હા...હા..કરૂં. એમ વાતવાતમાં તેઓ કલકત્તાના છે, તેમ મેં પકડ્યું. કલકત્તા કેમ જવાય તે મેં પૂછયું. તેઓએ પોતાની ભાષામાં માહિતી આપી. રોજ આ કાર્યક્રમ ચાલતો. વચ્ચે તેઓ બે-ત્રણ દિવસ દેખાયા નહિ. હું એકલો જ બેસતો. એક દિવસ બપોરના હું મારા વિચારમાં હતો, ત્યાં કોઈએ મને વાંસામાં જોરથી ધબ્બો માર્યો. મેં પાછું જોયું તો મને દેખાયું નહિ. મને આ શું થયું ? ભૂત તો નહિ હોય ને ?... હું ગભરાહટમાં ઊઠી, બીજી જગ્યાએ જતો રહ્યો. બીજે દિવસે પેલા મહારાજની રાહ જોઈ બેઠો, પણ ના આવ્યા. 'કાલી કમલીવાળા'ની દાળ-બાટી ખાઈને બેઠો હતો. આજે ફરીથી, જોરથી કોઈએ મને વાંસામાં ધબ્બો માર્યો. મેં પાછું જોયું...કોઈ નહિ...મને વધુ બીક લાગી, પસીનો છૂટી ગયો. હું મુઠ્ઠી વાળી પાછો જગ્યામાં આવી ગયો. બીજે દિવસે કલકત્તા જવા માટે ટ્રેન મળે તે બદલતાં-બદલતાં જવાનો કાર્યક્રમ ઉપાડ્યો. કલકત્તા સ્ટેશને ઊતરી બેલુર મઠ વિશે પૂછતાં જાણવા મળ્યું કે તે તો દૂર છે. ચાલતાં જ ત્યાં નિરાંતે સાંજે પહોંચ્યો. હુગલી નદીને કાંઠે આશ્રમમાં પ્રવેશતાં જ આનંદની અનુભૂતિ થઈ. રાતના ત્યાં જ સૂઈ રહ્યો. સવારે એક યુવાન સંન્યાસી સાથે થોડી-ઘણી મારી ભાષામાં વાત થઈ. તેઓ એક ઓરડો સાફ કરી ધોતા હતા. હું પણ તેમને પાણી લાવી દેવામાં ઉપયોગી થયો. બે કલાકના કામમાં હું ભાગીને આવ્યો છું, તેટલું તે જાણી શક્યા. તેમની સાથે મને ભાત અને દાળ જમવા માટે એક કેળના પાનમાં બહાર જુદાં આપ્યાં. મેં ધરાઈને ખાધાં. ત્યાં મેં થોડા સંન્યાસીઓને જે રીતે કામ કરતા જોયા તે જોઈ મને ત્યાં રહી કામ કરવાનું મન થયું. અને ત્યાં રહેવા માટે મેં એક સંન્યાસીને વાત કરી કે કાયમ રહેવા માટે કોને મળવું ને શું કરવું ? ત્યારે તે સંન્યાસીએ કહ્યું કે, 'તમારે અહીં રહેવા માટે પહેલાં ગ્રેજ્યુએટ થવું જોઈએ. પછી જ અહીં રખાય. તમો પહેલાં ભણો પછી આવજો.' એક દિવસ રોકાઈને બેલુરમઠ છોડતાં પહેલાં વિવેકાનંદના મેડા ઉપરનો ઓરડો, જ્યાં તેઓએ છેલ્લા શ્વાસ લીધેલા, શારદામણિ દેવીનું રસોડું, રામકૃષ્ણનો સભાખંડ વગેરે સ્થળોએ પગે લાગી, દર્શન કરી હું ખૂબ ભણું એવા આશીર્વાદ મનોમન મેળવી પાછો ચાલતો કલકત્તા સ્ટેશને આવ્યો.

## ફરી ભાવનગર !

ત્યાં ત્રણ વર્ષમાં એક વર્ષ રેનબસેરા અને બે બાકીનાં વર્ષ ઘરશાળા-દક્ષિણામૂર્તિમાં શ્રી ધરમશીભાઈની મદદથી દાખલ થયો. ત્યાં મને બાલવાડીનું કામ મળ્યું. પંદર રૂપિયા મને મળતા તેમાંથી એક ટંક નાસ્તો કરતો. મારી પથારી મોંઘીબેનના ઘેર ઓસરીમાં રાખતો. ત્યાં જ સૂઈ રહેતો. ત્યારે ત્યાં લાઈટ ન હતી. મોંઘીબહેન વહેલાં સૂઈ જતાં એટલે રાતના બાજુના રોડ ઉપર સુધરાઈની લાઈટ આખી રાત રહેતી ત્યાં બેસીને વાંચતો. રાત્રે રોજ, એક જોડ કપડાં હતાં એટલે ધોઈ-સૂકવી નાખું. કપડાં પૂરાં સૂકાઈ જાય ત્યાં સુધી સુધરાઈની બત્તી નીચે બેસી વાંચું. મારી પાસે પુસ્તકોના પૈસા ન હતા. એટલે રોજ અલગ અલગ વ્યક્તિની પાસેથી નોટ કે પુસ્તક વાંચવા લાવું, જે બીજે દિવસે પરત કરી દઉં. આમ મેં મોન્ટેસોરી પૂરું કર્યું. ત્યાર બાદ ત્રણ વર્ષ ‘કોંગ્રેસ સેવાદળ’ની પ્રવૃત્તિમાં જોડાયો. આ પ્રવૃત્તિમાં ખાસ કરી મારા વડીલ મુરબ્બી શ્રી મોતીભાઈ ચૌધરીનું માર્ગદર્શન મને ખૂબ મળ્યું. એ ત્રણ વર્ષ પૂરાં થતાં શિક્ષકનું જ કામ કરવું એવા નિર્ણય સાથે તે પ્રવૃત્તિ છોડી દીધી. દક્ષિણામૂર્તિના અભ્યાસ દરમ્યાન શ્રી શાંતાબહેનનો પરિચય થયેલો તે પરિચય ચાર વર્ષે લગ્નમાં ફેરવાયો. શાંતાબહેન ગ્રેજ્યુએટ હતાં. મેં કૉલેજ જોઈ પણ ન હતી. એટલે અમારા વચ્ચે શું થશે તેની ચિંતા ઘણાં પરિચિતો કરવા લાગ્યાં.. મને પણ ઘણા મિત્રોએ ડરાવ્યો, ભયસ્થાનો બતાવ્યાં. મારા સ્વભાવ પ્રમાણે મેં શ્રી શાંતાબહેન (સૌ. તાઈને) બે પ્રશ્નો પૂછ્યા.

(૧) મારે ભણવું છે...તો શું કરું ?

(૨) તમો ગ્રેજ્યુએટ છો ને હું તો મૅટ્રિક સુધી માંડ પહોંચ્યો છું. તો સૌ ટીકા કરે છે...તો શું કરવું ?


તેમણે કહ્યું, આ પ્રશ્ન મને પૂ. તારાતાઈ એ પણ પૂછેલો. મારા જવાબ પછી તેઓએ મને આશીર્વાદ આપ્યા છે. તે જ જવાબ તમને આપું છું.

(૧) તમારે ભણવું હશે ત્યાં સુધી હું ભણાવીશ. તમો ગૌરવભેર ભણી શકો છો.


(૨) મારે ફક્ત પતિ જોઈએ છે, જે મને સમજે ને મસ્તીથી જીવે. તેમાં ડિગ્રીની જરૂર હોય કે નહિ તેની મને ખબર નથી.



**શ્રી નાનાભાઈ ભટ્ટ**



શ્રી બુચભાઈ, શ્રી મનુભાઈ, શ્રી મુળશંકરભાઈ- લોકભારતી -પુસ્તકાલય પ્રાંગણ ૧૯૬૫ પહેલાં





## લગ્ન અને શિક્ષણ દ્વારા આમૂલ પરિવર્તન !

આ પછી મેં કોઈ દિવસ આવો પ્રશ્ન પૂછયો નથી. લગ્ન અંગે અમારા બંને પરિવારમાં પણ ખૂબ જ વાંધા ઊઠ્યા. લગ્ન બાદ પૂ. શ્રી મૂળશંકરભાઈ સાથે પત્રવ્યવહાર કરી મારાં પત્ની લોકભારતીમાં મને દાખલ કરી દાખલ કરવા બેગબિસ્ત્રા લઈ સાથે આવ્યાં. ત્યાં મને દાખલ કરી તે સુરેન્દ્રનગર નોકરી કરવા હાજર થયાં. લોકભારતીમાં મને ગમ્યું. પરંતુ વર્ષો સુધી હેરાન થયેલો એટલે શિક્ષણ છોડી દઈ ઘેર જવાનું મન વચ્ચે થતું; પરંતુ ત્યાંના વાતાવરણે મારામાં રહેલી અભ્યાસુ વૃત્તિને ખૂબ જ પોષી. લોકભારતીમાં દાખલ થયે મને દોઢ મહિનો જ થયેલો. છાત્રાલયમાં ઓસરીની થાંભલીને અઢેલીને આવનાર અનેક ઝંઝાવાતોમાં કેમ રસ્તા કાઢીશ તેની ચિંતામાં હું ગરકાવ હતો. આર્થિક મુશ્કેલી, સમાજના કુરિવાજો સામે મેં ઉપાડેલી લડત - આ બધું મારી આંખ આગળ આવતાં હું દિશાશૂન્ય બની જતો. ત્યાં મંજુબહેને આવી મને કહ્યું, 'દાદા તમને બોલાવે છે.' હું તરત જ ગયો. પૂ. નાનાદાદાએ મને એક કાગળ આપ્યો. કાગળ ફાનસના અજવાળે જોયો. કાગળ મારા પરનો જ હતો. મારા એક મિત્ર તરફથી આવેલું, મારા લગ્નજીવનના કારણે મારા સમાજ તરફથી આવનાર આંધીની હકીકતથી ભરેલું એ લખાણ હતું. એ પત્ર મેં પૂ. મૂળશંકરભાઈને વાંચવા આપેલો, પૂ. ભાઈએ એ પૂ. નાનાભાઈને આપેલો.

પત્ર મારા હાથમાં રાખી મેં પૂ. નાનાદાદા સામે જોયું. ત્યાં એ બોલ્યા, 'કાલે જઈ તમે તમારાં પત્નીને તેડી આવો. લોકભારતી તેને કામ આપશે. તમે જે લગ્ન કર્યાં છે તે માટે તમે મૂંઝાશો નહિ. આ ઘર તમારું કુટુંબ જ છે. મૂળશંકરભાઈ સાથે બધી વાત થઈ ગઈ છે. તમારે અભ્યાસ છોડવાનો નથી. જરાયે મૂંઝાશો નહિ.' હું તો આંસુની ધારે જ બહાર નીકળી ગયો. છાત્રાલયમાં આખી રાત પથારીમાં પડ્યા પડ્યા આવતી આંધીને કેમ ખાળવી, આદર્શોને વળગી રહેવું કે જ્ઞાતિવાદના ગુલામ થવું તેની મૂંઝવણમાં જ પસાર કરી. બીજા દિવસે હું પૂ. મૂળશંકરભાઈ ને મળી, રજા લઈ મારાં પત્નીને તેડવા ગયો. લોકભારતી પરિવારે પિયરમાં જેમ દીકરીની સારસંભાળ લેવાય તેવી રીતે મારાં પત્નીને સમાવી લીધાં. સર્વશ્રી ઊજમબહેન વ. પટેલ, શાંતાબહેન અંધારિયા, લીલાબહેન વગેરેની એ કુટુંબભાવનાને આજે પણ યાદ કરું છું ત્યારે માથું નમે છે.

## લોકભારતીએ જીવનદીક્ષા આપી !

મને કોઈ લોકભારતીનું ચાર વાક્યોમાં વર્ણન કરો તેમ કહે તો તેના વાતાવરણમાંથી મને જે મળ્યું છે તેને આમ મૂકું –

(૧) પૂ. નાનાભાઈની શિક્ષણ દ્વારા વ્યક્ત થતી જીવન-નિષ્ઠા.

(૨) પૂ. મનુભાઈની પ્રબળ રાષ્ટ્રીય ભાવના, ચિંતન-મનન.

(૩) પૂ. મૂળશંકરભાઈની એકલવ્ય જેવી શિક્ષણમાં શ્રદ્ધા.

(૪) લોકભારતી કાર્યકર –પરિવાર એટલે 'વસુધૈવ કુટુમ્બકમ્'નો જીવતો અનુભવ.

આનો સરવાળો એટલે જ મારે મન 'લોકભારતી.' આ બધું હું લખું છું ત્યારે લોકભારતીના અનેક પ્રસંગો આંખ સામે ખડા થાય છે. ફાનસોના અજવાળામાં ચાર મકાનો અને એક મુખ્ય હૉ વચ્ચે શોભતા લોકભારતીના પરિવારને રાતના નિહાળવો એનો અનેરો આનંદ આજે પણ સ્મરણોમાં અનુભવાય છે. પૂ. મનુભાઈ રાતના ફાનસના અજવાળે અમારી રાત્રિ પ્રવૃત્તિમાં અલક-મલકની વાતો કરવા આવતા, જેમાં ટાગોરના 'અભિસાર' કાવ્યથી શરૂ કરી તેલંગાણા અને કોરાપુટના સળગતા પ્રશ્નો પણ આવી જાય. એમની વાતોમાં સામાન્ય માનવીની સતત ચિંતા અને વેદના જ હોય. પૂ. મનુભાઈ અમારા ગૃહપતિ એટલે તેમની વાતો સાંભળ્યા જ કરીએ. ઊઠવાનું મન ન થાય. પ્રત્યેક વાતમાં નવી આશા, આદર્શો અને ઉમંગો જ હોય. વચ્ચે વચ્ચે વાતોમાં ગંભીરતા વધે ત્યારે વિદ્યાર્થીની ખાસિયતો યાદ કરીને સૌને પેટ પકડી હસાવે પણ ખરા.

છાત્રાલયનું અમારું રસોડું સ્વાશ્રયી હતું. પૂ. વિજયાબહેન રસોડાની મુલાકાત લઈ, વાસણની સફાઈથી શરૂ કરી શાક સમારવાની છરી કેવી ચોખ્ખી છે તેનું પણ નિરીક્ષણ કરી જાય. એ નાની નાની વાતોમાંથી ગૃહસ્થ જીવનમાં સ્વચ્છતા અને ચોકસાઈ કેવી હોય તેનું આદર્શ દૃષ્ટાંત આપી સૌના ખબર પૂછી જાય. લોકભારતીની રાત્રિ-પ્રવૃત્તિએ અમારા વૈચારિક પરિવર્તનમાં મોટો ફાળો આપ્યો છે. દર અઠવાડિયે પૂ. શ્રી મૂળશંકરભાઈને મળવા જાઉં. ખાસ કરીને બાલ-માનસના પ્રશ્નોની તેમ જ છાત્રાલયમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો, તેના ઉકેલો વગેરેની ચર્ચા કરું. પૂ. મૂળશંકરભાઈ હીંચકા ખાતાં ખાતાં જેમ મા પોતાના ગભરુ બાળકને આંચ ન આવે છતાં પૂર્ણ વાત કરે તેવી ઠાવકાઈથી બધા પ્રશ્નોની સુંદર ચર્ચા કરતા.


## શિક્ષણ અને સમાજસેવાના માર્ગે..

લોકભારતીનું શિક્ષણ પૂરું કરી બે વર્ષ ઉત્તર ગુજરાતમાં ગ્રામભારતીમાં ઠાકરડા કોમનાં બાળકો વચ્ચે કામ કરી આવ્યાં. મારા મનમાં શિક્ષણ વિષે ઘણા વિચારો ઘોળાતા એટલે અનેક ગડમથલો વચ્ચે સુરેન્દ્રનગર પાછાં આવ્યાં ને અહીં કોઠારી બાલમંદિરમાં બાલ-અધ્યાપન મંદિરમાં જોડાયા. ત્યાં કામ કરતાં કરતાં શિયાળાની ઠંડીમાં અમો બન્ને પતિ-પત્ની બહાર ઠંડીમાં ધ્રૂજતાં માનવીઓને રાત્રે પાગરણ ઓઢાડવાનું કામ કરતાં, કારણ કે ઠંડીમાં ઓઢવાનું ન હોય તો શું દશા થાય છે તેનો અનુભવ મને પૂરો હતો. આ પાગરણપ્રવૃત્તિ અમારી સારી ચાલતી ને ધીમે ધીમે બે વરસમાં તેણે વેગ પણ પકડ્યો.

**<u>અનાથ બાળકોની સેવામાં !</u>** ૧૯૫૯ની સાલ હતી. સુરેન્દ્રનગર જંકશનના એક વખડાના થડની નીચે પોટલા જેવું કંઈક પડ્યું હતું. કડકડતી ઠંડીથી એના ઢીંચણ દાઢીએ અડી ગયા હતા. માથું બે ઢીંચણ વચ્ચે લપાયેલું હતું. નીચે છાપાનો કાગળ પાથર્યો હતો અને ઉપર પણ એ જ.

અમારા નિત્યક્રમે અમે એના પર કામળો નાખ્યો અને ચાલતાં થયાં. ત્યાં એની કણસ સંભળાણી. બોલવાની હોંશ ન હતી. ઊભા થવાની ત્રેવડ ન હતી. ચાલવાનું ટાંટિયામાં જોર ન હતું. એ કિશોરનું શરીર ગંધાતું હતું. એના મ્લાન મોં પર તલભાર નૂર ન હતું. આ પાંચ વર્ષનો કિશોર મરવા વાંકે ઈશ્વરની કૃપાથી જ શ્વાસ લઈ રહ્યો હતો. કરુણતા સિવાય આ કિશોરમાં દર્શન થાય એવું કાંઈ જ ન હતું....આ સ્થિતિ, આ દૃશ્ય અને ત્યાં મૃતપ્રાય થઈ રહેલ કાયાને જોઈને અમે પણ ભાંગી પડ્યાં. મનમાં થયું, દુનિયામાં આનું કોણ ? આપણે કોના માટે ? અમારા જીવનની ધન્ય ઘડી આવી પહોંચી. ઈશ્વરનો પડકાર થયો. અમે આ સ્થિતિ જોઈ ન શક્યાં. બાળકને ઊંચકીને આશ્રમમાં લાવ્યાં. પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે ગંધાતી અને કદરૂપી કાયામાં પ્રગટ થતું એ દુર્ભાગ્ય હતું, પેલી નવી માએ દીધેલા ડામના ઘાનું. શું મા આવી હોઈ શકે ? અમારાં હૃદયમાં આ પ્રશ્નો એક નાનકડું આંદોલન પેદા કરી ગયા. અમે એ ઘા સાફ કરી દવા લગાડી અને કિશોરને ભરપેટ જમાડ્યો. સવારે ઘરની ઓંસરીમાં સૂવડાવી નોકરી પર ગયાં. તે વખતે અમે દિવસે કોઠારી બાલમંદિરમાં કામ કરતાં હતાં. શિયાળાની કડકડતી ઠંડીની રાતે મિત્રો સાથે ઊઘરાવેલ ધાબળા લઈને ગલીકૂંચીમાં ખુલ્લા પડેલા લોકોને ઓઢાડવા જતાં હતાં. ઠંડીમાં ઓઢયા વગરની સ્થિતિ કેવી હોય તેનો એક જાત-અનુભવ પણ બોલતો હતો.

અમારા કાર્યક્ષેત્રને બદલવા માટે, અમારા જીવનમંત્રને પરિશુદ્ધ કરવા માટે આ એક પ્રસંગ પૂરતો હતો. આ દૃશ્યે અમને ખૂબ મૂંઝવ્યાં. હું આખો દિવસ બાલમંદિરમાં કામ કરતો રહ્યો, પણ મન ચોંટતું ન હતું. વારંવાર એ કિશોર હૈયા સામે ખડો થતો. મેં ગમગીન સ્થિતિમાં જ સમય વ્યતીત કર્યો. સાંજે ઘરે આવીને જોયું તો બાળક ગુમ. પછી અમે શોધ ખૂબ કરી, પણ એનો પત્તો ન લાગ્યો. મનમાં થયું ઈશ્વર જ આપણી કસોટી કરવા આવેલો. આપણને જગાડવા આવેલો લાગે છે. મા-બાપ એટલે શું, એનો પ્રેમ એટલે શું, એનો સાચો ખ્યાલ તો ત્યારે જ આવ્યો. મા વિહોણાં, બાપવિહોણાં અને બંનેથી વિહોણાં બાળકોના મનોભાવો શું કામ કરતા હશે તેનું સંશોધન કરવા અને ‘હું માનવી, માનવ થાઉં તો ઘણું’નો સંદેશ લઈ લોકભારતીને ઉજ્જવળ બનાવવા એણે જ અમને ધક્કો માર્યો અને અમે કૂદી પડ્યાં અનાથ બાળકોના શિક્ષણની પ્રવૃત્તિમાં. આ કામ લોકભારતીનું જ છે, એવી મૌન પ્રેરણા અને પ્રોત્સાહન મળ્યાં, જાણે, પૂ. નાનાભાઈ અને તેમના સાથીદારોના આશીર્વાદથી. આજથી ૨૦ વર્ષ પહેલાં સુરેન્દ્રનગરનો અનાથાશ્રમ અનાથાશ્રમોની ચીલાચાલુ પરિપાટી પ્રમાણે જ ચાલતો હતો....તેને એક રાષ્ટ્રીય શિક્ષણસંસ્થાના સ્વરૂપમાં ફેરવવાની અમારી યોજનાને  શહેરના ઉત્સાહી, રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા સામાજિક કાર્યકરોએ બળ આપી ઉપાડી લીધી. સૌ પહેલાં છાત્રાલય અને તેના પ્રશ્નો જેવા કે રસોડું, કોઠાર, ભોજન વ્યવસ્થા, ગૃહકાર્યો, આરોગ્યને લગતી બાબતો, વિદ્યાર્થીઓના અંગત પ્રશ્નો અંગેના જૂના ખ્યાલોની વિદાય અને નવા આદર્શોનો અમલ એ બધાની વચ્ચે હું ઠીક ઠીક માનસિક તાણ અનુભવતો. આનો ઉકેલ મેં લોકભારતીની છાત્રાલય-વ્યવસ્થા, તેનું રસોડું, તેમાં સંચાલકોનો વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર આ બધામાં જોયો. એ વ્યવસ્થામાંથી જ મને ગુરુ ચાવી મળી હતી. તેને આદર્શ લેખે સામે રાખી ધીમે ધીમે આશ્રમની છાત્રાલય-વ્યવસ્થા એટલી સુંદર ગોઠવાવા લાગી કે અન્ય સંસ્થાઓ તેમજ કાર્યકરો વ્યવસ્થા જોવા આવવા લાગ્યા. વિદ્યાર્થીઓનું રવિવારીય સંમેલન એ તો શુભેચ્છકો માટે આકર્ષણકેન્દ્ર બન્યું. ઉત્સવોને રાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું. શહેરનાં કુટુંબો પણ આ ઉત્સવોના આનંદના ભાગીદાર બનવા લાગ્યાં. આ બધાં કામોમાં લોકભારતીની મને મળેલી દેણ આ છે. પૂ. મનુભાઈનીસતત ચેતનવંતી રાષ્ટ્રીય ભાવના, પૂ. મૂળશંકરભાઈની શિક્ષણ દ્વારા જીવન ઉપાસનાની નિષ્ઠા. આ ત્રણેય સતત મારા માટે દીવાદાંડી જેવાં રહ્યાં.



**બાલાશ્રમનાં બાળકો અને સંસ્થાનાં સ્વપ્નશિલ્પીઓ**

**રાજ્યપાલશ્રીનું એ વાક્ય !**એક વખત ગુજરાતના ગવર્નર શ્રી શ્રીમનનારાયણજી અગ્રવાલ તથા શ્રીમતી મદાલસાબહેન જિલ્લાની મુલાકાતે આવેલાં. તેમાં કલેક્ટરશ્રીએ આ સંસ્થાનું દર્શન પણ ગોઠવેલું. સંસ્થાના દર્શનમાં રસોડું, છાત્રાલય, ઉદ્યોગ, વિદ્યાર્થીઓના પ્રશ્નો અને તેમની સાથેનો માનવીય વ્યવહાર બંનેએ એટલા રસથી જોયાં કે સાથેનાં મુલાકાતીઓને ત્યારે લાગેલું કે સંસ્થા એટલે મકાનો નહીં પણ અંદરની પ્રવૃત્તિ એ જ તેનો પ્રાણ છે. વાતવાતમાં તેઓએ અમે લીધેલ શિક્ષણ વિશે પૂછયું. અમે લોકભારતીનું નામ દીધું. ત્યાં તેઓ ગૌરવ સાથે બોલ્યાં, 'અચ્છા, લોકભારતી કે શિક્ષાર્થી હો, ઇસલિયે યે બચ્ચે નસીબદાર હૈં !' વિદ્યાર્થીઓના સંમેલનમાં જીવનશિક્ષણની ઘણી વાતો કરીને છેલ્લે તેઓએ પોતાના આ વાક્ય દ્વારા વક્તવ્ય પૂરૂં કર્યું. 'યહાં ઇસલિયે જીવન ઓર આનંદ હૈ કિ યહાં લોકભારતી હૈ. હરેક અનાથાશ્રમ જબ લોકભારતી બનેગા તબ કોઈ અનાથ નહીં રહેગા.'છાત્રાલયપ્રવૃત્તિ ગોઠવાતી ગઈ તેમ તેમ તે અનાથ બાળકોના શિક્ષણની વ્યવસ્થાની મને ચિંતા થઈ. પ્રાથમિક શાળાઓ બાળકો સમક્ષ 'વિશ્વાસમય પરીક્ષા પદ્ધતિ' 'સ્વાશ્રય પદ્ધતિ'ની રીતે ચલાવીએ તો કેમ ? ને મેં મારી પ્રાથમિક શાળાની કલ્પના લખી એ સમયના શાળાબોર્ડના પ્રમુખ મુ. શ્રી ભાનુભાઈ શુક્લ સમક્ષ મૂકી. તેઓ આખી યોજના વાંચી



ડૉ. લ. મૂ. ધ્રુવ બાલાશ્રમ, સુરેન્દ્રનગર

'અચ્છા, લોકભારતી કે શિક્ષાર્થી હો, ઇસલિયે યે બચ્ચે નસીબદાર હૈં !'
– શ્રી શ્રીમનનારાયણજી

## શિક્ષણક્ષેત્રે નવાં ચઢાણ !!

દસ વર્ષ અનુભવના આધારે શિક્ષણ, શ્રમ અને સમર્પણની ભાવનાનો સમન્વય થાય તે માટે લોકશાળા ઊભી કરવાનો નિર્ણય કર્યો. તેમાંથી ઊભું થયું. 'મંગલાયતન છાત્રાલય' અને 'મંગલાયતન વિનય મંદિર'. અનાથ બાળકો આ વિભાગોમાં ખાસ કરીને ગામડાંનાં બાળકો સાથે રહી છાત્રાલયમાંના સહજીવન દ્વારા પોતાનામાં રહેલી લઘુતાગ્રંથિથી મુક્ત થવા લાગ્યાં. અનાથપણાની સભાનતામાંથી તેઓ બહાર નીકળવા લાગ્યાં. તેમનો આત્મવિશ્વાસ વધ્યો. જીવનની કંઈક આછી રૂપરેખા પણ પોતે દોરવા લાગ્યા. આમ પરિણામ ખૂબ સારું મળવા લાગ્યું. આ સંસ્થાના વિકાસ બાબત મારી સમક્ષ જ્યારે જ્યારે પ્રશ્નો ઊભા થતા ત્યારે આંખ સામે આંબલા-લોકભારતી ખડાં થતાં.

કારોલ સંસ્થા માટે ફંડ કરવા મુંબઈ મુ. શ્રી રતિભાઈ સાથે ગયેલા. હું, મુ. શ્રી રતિભાઈ તથા મુ. શ્રી માધુભાઈ વોરા એક સદગૃહસ્થ પાસે ગયા. તેઓ મુ.શ્રી રતિભાઈના ચાહક હતા. સંસ્થાની આર્થિક મુશ્કેલીની વિગતે વાત કરી. તે ભાઈએ મને પણ થોડા પ્રશ્નો પૂછયા. શિક્ષણ તેમજ અન્ય. મેં મારી રીતે જવાબ આપ્યા. તેઓએ રૂ. ૨૫૦૦૦-૦૦ તેમનું નામ એક વિભાગ સાથે જોડવાની શરતે આપવાના નક્કી કર્યા અને ઉમેર્યું કે કાલે તમને હા કહીશ; વડીલને પૂછવું જોઈએ. તેઓએ ચોખવટ કરતાં કહ્યું, કે વાત કાલ ઉપર રાખી છે. અમે સૌ આભાર-આનંદ સાથે બહાર આવ્યા. રસ્તામાં ઘણી વાતો થઈ. એમાં આ દાતાની પણ વાત મુ. શ્રી રતિભાઈએ કરી કે કેવી રીતે તેમનો આર્થિક વિકાસ થયો છે, અને અત્યારે કેમ પૈસા ખર્ચે છે. જે વાતો સાંભળી તેથી મારું મન નારાજ થયું. ઘણી બધી ગડમથલ થઈ, આખી રાત ન ઊંઘી શક્યો. પૂ. નાનાદાદાની દાનમાં પણ શુદ્ધવૃત્તિની વાત યાદ આવી. સિદ્ધાંત આગળ સંપત્તિ પણ ન ખપે તે વાત વધુ ને વધુ સ્પષ્ટ થતી ગઈ ને જે 'લાઈબ્રેરી કમ હૉલ' માટે દિલ્હી સરકારને ગુજરાતી માધ્યમના પ્રશ્ને એક લાખ રૂપિયા પાછા આપીને પૂ. નાનાદાદાએ ઊભા થઈને કહ્યું હતું કે, 'લોકભારતી લાઈબ્રેરી હૉલ વગર ચાલશે પણ પાયાનાં મૂલ્યો વગર નહીં ચાલે.' એ વાત મને જાગૃત કરતી ગઈ. મેં સવારે મુ. શ્રી રતિભાઈને કહ્યું કે 'પેલા શેઠને ના પાડો. આપણે ૨૫,૦૦૦ જોઈતા નથી.' 'કેમ ?' મને રતિભાઈએ પૂછયું, મેં કહ્યું, 'જે પૈસો પુરુષાર્થનો ન હોય, જે સંપત્તિમાં થોડી પણ કરુણા ન હોય તે સંપત્તિ સંસ્થામાં ન શોભે. કાલે ઊઠીને વિદ્યાર્થીઓને તો આપણે ભગતસિંહની કુરબાનીની વાત કરીશું. આદાનની મને બીક છે કે આમાંથી સંસ્થાનું શીલ

ઊભું નહિ થાય. એના કરતાં સંસ્થા બંધ કરવી સારી. મારી વાત તેઓને જરા પણ ન ગમી. બપોરે ૧૧-૦૦ વાગે મને કહે, ચાલો ઘાટકોપર. અમે બંને મુ. માધુભાઈ પાસે ગયા.

મુ. શ્રી માધુભાઈને મુ. શ્રી રતિભાઈએ જુદા રૂમમાં મને સમજાવવા માટે સૂચવ્યું. મુ. શ્રી માધુભાઈએ મારી વાત સાંભળી અને તેઓ તો મારા કરતાં પણ મક્કમતાથી બોલ્યા, ‘કાકા, (રતિભાઈને કાકા કહેતા) આપણે આ દાન જતું કરવું જોઈએ. ભલે સંસ્થા બંધ રહે. આપણે સંસ્થા એટલે માત્ર મકાનો નથી કરવાં. સંસ્થા એટલે જેમાં ‘જીવમાંથી શિવ થાય તેવું કરવું છે.’ છેવટે ઘણી ચર્ચાને અંતે મુ. શ્રી રતિભાઈ મારી વાત માન્યા. મને લાગ્યું કે લોકભારતીમાં મેં જે શિક્ષણવારસો લીધેલો તે, તે દિવસે કામે લાગ્યો.

**પ્રામાણિકતાના માર્ગનો આગ્રહ** : ઉદ્યોગ-સંકુલ સાથે શિક્ષણનું કંઈક ગોઠવી શકાય તેવા સંજોગો હવે સ્પષ્ટ દેખાવા લાગ્યા. અમારી બે વર્ષની મહેનત હવે બળ આપનારી નીવડશે તેવું લાગ્યું; પરંતુ કસોટીઓ બાકી હતી. અચાનક અમારા કમનસીબે મુ. શ્રી રતિભાઈ ગુજરી ગયા. ફરીથી અમો સૌ આર્થિક મુશ્કેલીની આંધિમાં સપડાઈ ગયા. ૫૦ વિદ્યાર્થીઓનું રસોડું, પગારો વગેરે માટે સાંસા પડવા લાગ્યા. એ સમયે હું માંદગીના બિછાને પટકાયો. સંસ્થાની આર્થિક મુશ્કેલી જોતાં આઠ-નવ બે જ ધોરણ ચલાવવાં અને દસમું ધોરણ ન ચલાવવું તેવો નિર્ણય લીધો. આ નિર્ણય વિદ્યાર્થીઓને ન ગમ્યો. ભાઈ અબ્બાસની આગેવાની નીચે વિદ્યાર્થીઓ મારે ઘેર આવ્યા. ૧૦મું ધોરણ શું કામ નથી ચલાવવું તેની મેં વિગતે વાત કરી. છોકરાઓને તેની સામે દસમું ધોરણ ચલાવવું જોઈએ અને સંસ્થાની આ મુશ્કેલી વખતે અમે બીજે જઈએ તો અમારું શિક્ષણ લાજે એમ કહીને મારી સામે એક યોજના મૂકી.

૧. સંસ્થાએ બેથી ત્રણ સાયકલ લાવી દેવી, જે સાયકલોથી આજુબાજુનાં ગામોમાં ત્રણ વિદ્યાર્થીઓ જઈ ગામમાં ફરી લોટ અને છાશ-કઠોળ વગેરે જે ઊઘરાવી લાવે તેનું ભોજન કરવું.

૨. સંસ્થાએ ભોજનલવાજમ અમારી પાસેથી લેવું. શક્તિ પ્રમાણે સૌ આપીશું.

૩. સંસ્થાએ મેટ્રીક સુધી શિક્ષણ ચલાવવું જોઈએ. તેમાં આવતી મુશ્કેલીનો અમે સામનો કરવા તૈયાર છીએ.

વિદ્યાર્થીઓ પોતાના આત્મવિશ્વાસથી જે રીતે વાતો કરતા હતા, તેઓને હું અનિમેષ નયને જોતો રહ્યો. તેમની વાતોમાં અદભુત બળ હતું, તાકાત હતી. એ વાતોથી મારી નિરાશા ઉપર મને જ શરમ આવવા લાગી. સભર નયને મેં કહ્યું : 'વર્ગો ચાલશે, નિશ્ચિંત રહો.' તેઓની વાતો પ્રમાણે નવા સત્રમાં એ જ છોકરા સાયકલો ઉપર આજુબાજુના ગામોમાંથી લોટ અને છાશની પ્રેમભરી ગોચરી કરી હોંશે હોંશે જમતા. થોડા સમયમાં જ મુશ્કેલીનો અંત આવ્યો. આર્થિક મદદ મળી અને શિક્ષાર્થીઓ ને શિક્ષકોના સહયોગથી શાળા ટકી. આજે એ જ શાળા 'કિરચંદભાઈ કોઠારી મંગલાયતન વિનય મંદિર', ધોળી ધજા ડેમ પાસે ગૌરવથી ઊભી છે.

દસ વર્ષે પાછો નવો પ્રશ્ન અમારી સામે આવ્યો કે આ બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે ક્યાં મોકલવાં ? બહાર મોકલીએ તેના કરતાં આ જ પ્રયોગોને આગળ વધારીએ તો ? તેઓ શા માટે સારા શિક્ષકો, સારા સમાજસેવકો ન બને ? તેમાંથી હજુ તો ઊભી જ થતી 'મૈત્રી છાત્રાલય' અને 'મૈત્રી અધ્યાપન મંદિર' આકાર પામ્યાં. આડકતરી રીતે મળેલો લોકભારતીનો આ શૈક્ષણિક વારસો પચાવી આ બાળકો આજે ગામડાંમા શિક્ષકો તરીકે જે કામ કરે છે અને અન્ય બાળકોને પોતીકાં કરી જે રીતે સાચવે છે તે જોઈ આનંદ અનુભવાય છે.

સંસ્થાઓના વિચારને વિકાસ માટે જ્યારે જ્યારે મેં મંડાણ માંડ્યા છે, ત્યારે ત્યારે મારા નસીબે ચેલેંજ આવી છે, તે સમયે મેં પૂ. નાનાભાઈનાં શિક્ષણ દ્વારા વ્યક્ત થતાં જીવનનિષ્ઠા અને આદર્શને વ્યવહારમાં લાવવા માટે યશ-અપયશની ચિંતા કર્યા સિવાય પુરુષાર્થ કર્યો છે. આમ કરે તે જ વિકાસશીલ માનવી; આવી માન્યતા સાથે આજે પણ મથું છું.

## શ્રી નાગજીભાઈ દેસાઈ : સંક્ષિપ્ત પરિચય

નાગજીભાઈ દેસાઈનો જન્મ ૧૯૩૧ના ઑક્ટોબરની ૧૪મીએ માણેકપુર (ઉ.ગુ.) ગામમાં રબારી કોમમાં થયો હતો.

સાત ધોરણ સુધીનો અભ્યાસ તેમણે માણેકપુરમાં કર્યો, સાથે પશુપાલનના વ્યવસાયમાં ઘરમાં મદદ કરી. આ પછી ૮માં ધોરણનો અભ્યાસ ઘરેથી નીકળી જઈ મુંબઈના ઘાટકોપર ગુરુકુલ વિદ્યાલયમાં, એક સદ્‌ગૃહસ્થને ત્યાં ઘરઘાટી તરીકે રહીને કર્યો. એ પછી અભ્યાસ માટે પાટણ, કિલોલ મણંદ, ભાવનગર એમ અનેક સ્થળે ફર્યા-રહ્યા. ભાવનગરમાં બે વર્ષ સ્ટેશન પર તેમજ છૂટક મજૂરી કરી, ફૂટપાથ પર રહ્યા. એક વર્ષ સાર્વજનિક છાત્રાલય અને ‘દક્ષિણામૂર્તિ’માં રહી અભ્યાસ કર્યો અને ‘ઘરશાળા’માંથી મૅટ્રિકની પરીક્ષા આપી. આ ત્રણ વર્ષ દરમિયાન ‘ખુદાબક્ષ-મુસાફર’ તરીકે ભારતયાત્રાનો પણ અનુભવ લીધો. પછી ૧૯૫૪થી ૧૯૫૬ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં સેવાદળ વ્યાયામ પ્રવૃત્તિ અને યુવા સંગઠનનું કામ કર્યું.

એ પછી ઉચ્ચશિક્ષણ લેવા માટે ‘લોકભારતી-સણોસરા’ ગયા અને ૧૯૫૮માં સ્નાતક થઈ ‘ગ્રામભારતી-અમરાપુર’ની શિક્ષણસંસ્થા શ્રી મોતીભાઈ ચૌધરી સાથે શરૂ કરી. બે વર્ષ પછી સુરેન્દ્રનગર ‘કોઠારી બાલમંદિર’માં જોડાયા અને એ પછી અનાથ બાળકોની પ્રવૃત્તિમાં લાગ્યા.

હાલ તેઓ સુરેન્દ્રનગરમાં અનાથાશ્રમ, લોકવિદ્યાલય અને અધ્યાપનમંદિર – મૈત્રી વિદ્યાપીઠ (માનવ મંદિર)ની ક્રમશઃ પ્રાથમિક, માધ્યમિક અને તાલીમી નિવાસી શિક્ષણ સંસ્થાઓની સંચાલન-જવાબદારી સંભાળી રહ્યા છે.

તેમને વાંચનનો શોખ છે. બાળકો અને યુવાનો સાથે કામ કરવાનું – આનંદ કરવાનું તેમને ખૂબ ગમે છે. ગીતો ગાવાં-ગવરાવવાંનું પણ તેમને ગમે છે.

૧૯૫૬માં તેમણે શ્રી શાંતાબહેન જૈન સાથે લગ્ન કર્યું છે. તેમને બે પુત્રો છે : નિખિલ અને અવધૂત.

## શ્રી નાગજીભાઈનાં સેવાકાર્યો


આજે જો શિક્ષણ ક્ષેત્ર–સામાજિક ક્ષેત્રના કોઈ રસિકજનને ઇચ્છા થાય તો તો નાગજીભાઈનાં અનેક ક્ષેત્રે ફાલેલી શિક્ષણની લીલી વાડી પ્રત્યક્ષ જોવા મળશે. જુઓ આ પ્રવૃત્તિઓની એક ઝલક :

૧) ડૉ. લ. મૂ. ધ્રુવ બાલાશ્રમ, સુરેન્દ્રનગર


૨) શ્રી મનસુખભાઈ દોશી લોક વિદ્યાલય, ધોળી ધજા ડેમ પાસે, રાજકોટ રોડ, સુરેન્દ્રનગર.



3) મૈત્રી વિદ્યાપીઠ : પી.ટી. સી. કૉલેજ, સુરેન્દ્રનગર :



૪) મૈત્રી વિદ્યાપીઠ–માનવમંદિર (મહિલા કૉલેજ ઓફ એજ્યુકેશન), સુરેન્દ્રનગર :




૫) ૫) મૈત્રી વિદ્યાપીઠ : પ્રિ. પી. ટી. સી. કૉલેજ, સુરેન્દ્રનગર :



૬) મૈત્રી વિદ્યાપીઠ : ગૃહપતિ/ગૃહમાતા વૈચારિક તાલીમ શિબિરો :



---

**અભ્યર્થના :**

**"શબ્દો પાંગળા બને છે કારણ કે અહીંનું કાર્ય બોલે છે. આ યુગમાં તપોવન જોવાની ઇચ્છા હોય એમણે અહીં આવવું જોઈએ."**

**– શ્રી રજનીકુમાર પંડ્યા**

************************